**<u>જેમ એન્ડ જવેલરી પ્રોડકશન હાઉસ (ફેકટરી યુનિટ)</u>**

પ્રતિ,
જેમ એન્ડ જવેલરી ઉદ્યોગનાં તમામ ઉદ્યોગકારો,

નમસ્કાર,

આજનાં અત્યંત હરિફાઈયુકત બજારમાં ટકી રહેવા અને ધંધાકીય પ્રગતિનાં પંથે અવિરત આગળ વધવા સૌ ઉદ્યોગકારો એવું ઈચ્છતા હોઈ છે કે તેઓનું યુનિટ/ફેકટરી/કાર્યક્ષેત્ર એવી જગ્યા ઉપર હોઈ, જયાં ધંધાને વિકસાવવા માટે જરૂરી તમામ સુવિધાઓ/ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ હોઈ ઉપરાંત સંપુર્ણ શાંત અને સુંદર હરિયાળુ વાતાવરણ પણ હોઈ. અમોને જણાવતા આનંદ થાય છે કે આપણા જેમ એન્ડ જવેલરી પાર્કમાં હીરા–ઝવેરાત ઉદ્યોગનાં વિકાસ માટેની તમામ માળખાકીય સુવિધાઓ અને સુંદર હરિયાળુ વાતાવરણ હોઈ, આજે પાર્ક વિસ્તારનાં તમામ પ્લોટો યુનિટધારકોને ફાળવી દેવામાં આવેલ છે જે પૈકી ઘણાં ઉદ્યોગકારો ખુબ જ આત્મસંતોષ સાથે તેઓનું યુનિટ પાર્કમાં હાલ ચલાવી રહયા છે અને પ્રગતિ કરી રહેલ છે.

જેમ એન્ડ જવેલરી પાર્ક વિસ્તારમાં જગ્યાની મર્યાદાને કારણે સંખ્યાબંધ અરજદારોની માંગણી હોવા છતાં અમો તેઓને પ્લોટની ફાળવણી કરી શકતા નથી. સાથોસાથ અમારી એવી પણ લાગણી છે કે વધુને વધુ ઉદ્યોગકારોનાં યુનિટો પાર્ક વિસ્તારમાં સામેલ કરી શકીએ જેથી જેમ એન્ડ જવેલરી ઉદ્યોગનો સર્વાંગી વિકાસ થાય.

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત હીરા બુર્સ નિર્મિત જેમ એન્ડ જવેલરી પાર્કમાં વધુને વધુ ઉદ્યોગકારોને સમાવવાનાં હેતુસર અમોએ પાર્ક વિસ્તારમાં જ જેમ એન્ડ જવેલરી પ્રોડકશન હાઉસ બિલ્ડીંગ વિકસાવવાનો નિર્ણય કરેલ હતો. આજે ફેઈઝ–૧નાં બિલ્ડીંગનાં નિર્માણનું કાર્ય પુર્ણ થયેલ છે. જેમાં ૧૦૫૭૬ ચો.વાર જગ્યામાં ગ્રાઉન્ડ ફલોર + ૪ માળનું એક બિલ્ડીંગ તૈયાર કરવામાં આવેલ છે. આ બિલ્ડીંગમાં પ્રત્યેક માળ પર નીચે મુજબની સાઈઝનાં ૮ યુનિટ મળી કુલ ૪ માળમાં **૩૨ યુનિટો** બનાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| ટાઈપ–૧ | ૬૩૪૨.૩૭ ચો.ફુટ (સુપર બિલ્ટઅપ) |
| ટાઈપ–૨ | ૬૩૬૦.૭૭ ચો.ફુટ (સુપર બિલ્ટઅપ) |

બિલ્ડીંગને લગતી વધારાની માહિતી આ સાથે બિડેલ બ્રોસરમાં સામેલ છે. (બિડાણ–૧) વધુમાં, બિલ્ડીંગનું બાંધકામ પુર્ણ થયેલ હોઈ, આપ સાઈટ વિઝીટ પણ કરી શકો છો.

**જેમ એન્ડ જવેલરી પ્રોડકશન હાઉસ આપ સૌ હીરા–ઝવેરાત ઉદ્યોગકારોનાં વપરાશ માટે ખુલ્લુ મુકતા અમે અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ અને આપ સર્વેને આ બિલ્ડીંગ થકી આપનાં ધંધાનાં વિકાસઅર્થે યુનિટની નોંધણી કરાવવા આવકારીએ છીએ.**

બિલ્ડીંગનાં યુનિટોની બેઝિક કિંમત પ્રતિ ચો. ફુટ (બિલ્ટઅપ એરિયા મુજબ) રકમ રૂ. ૩૫૦૦ + ૧૮% જીએસટી રાખવામાં આવેલ છે. તેમજ ફલોર અને કોર્નર યુનિટમાં નકકી કર્યા મુજબ પ્રીમીયમ/ડીસ્કાઉન્ટ ગણવામાં આવશે. આ સાથે સામેલ પત્રકમાં આ પ્રીમીયમ/ડીસ્કાઉન્ટની વિગતવાર માહિતી સામેલ છે. (બિડાણ–૨)

**જેમ એન્ડ જવેલરી પ્રોડકશન હાઉસનાં બુકીંગ માટે નીચે મુજબ અરજી કરવાની રહેશે.**

1. અરજદારે યુનિટની નોંધણી કરાવવા માટે આ સાથે સામેલ અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે. **(બિડાણ–૩)**
2. યુનિટનું બુકીંગ કરાવનાર અરજદારોએ અરજીપત્રક સાથે તેમની જરૂરિયાત મુજબનાં યુનિટો પ્રમાણે પ્રતિ યુનિટ રકમ રૂ. રૂ. ૫૧,૦૦,૦૦૦/– લેખે બુકીંગ એડવાન્સ પેટે "ગુજરાત હીરા બુર્સ"નાં નામનાં ચેક ધ્વારા/ઓનલાઈન જમા કરાવવાનાં રહેશે.

બેંકની વિગત:

| | | |
|---|---|---|
| A/c Name | : | GUJARAT HIRA BOURSE |
| Bank Name | : | Bank of Baroda |
| Branch | : | ICHHAPORE, Surat |
| A/c Number | : | 18670200000484 |
| IFCS Code | : | BARB0ICHHAP(5th digit is Zero) |
| A/c Type | : | Current |

3. **ઉપરોકત બુકીંગની એડવાન્સ રકમ જમા કરાવવાની અંતિમ તારીખ: ૨૯–૦૧–૨૦૨૪ છે.**
4. ઉપરોકત સમયમર્યાદામાં બુકીંગની એડવાન્સ રકમ જમા કરાવનાર અરજદારોની અરજી જ માન્ય રાખવામાં આવશે.

ઉપર મુજબ બુકીંગની એડવાન્સ રકમ જમા કરાવી યુનિટ/યુનિટોની નોંધણી કરાવનાર અરજદારોને નીચે મુજબનાં મોડેલ મુજબ યુનિટ/યુનિટોની ફાળવણી કરવામાં આવશે.

1. આખા બિલ્ડીંગનાં માંગણીદારને પ્રથમ ફાળવણી કરવામાં આવશે.
2. આખા બિલ્ડીંગનાં માંગણીદારના અભાવના કિસ્સામાં જે માંગણીદારોએ સૌથી વધારે યુનિટોની માંગણી કરેલ હશે તેઓને પ્રથમ ફાળવણી કરવામાં આવશે. ઉદા. ૩૦,૨૮,૨૫,૧૦,૮,૪,૨ વિ.
3. ઉપર મુજબ ઉતરતા ક્રમના માંગણીદારો અનુસાર યુનિટોની ફાળવણી કરવામાં આવશે.
4. છેલ્લે ૧ યુનિટની માંગણી કરનાર માંગણીદારોને ફાળવણી કરવામાં આવશે.
5. એકસરખી સંખ્યામાં યુનિટોની માંગણી કરનારાઓ એક થી વધારે માંગણીદારો હોય તો તેવા સંજોગોમાં આ માંગણીદારો વચ્ચે યુનિટ ફાળવણી માટે ચિઠ્ઠી નાંખીને ડ્રો કરવામાં આવશે.

અરજદારોને યુનિટ/યુનિટોની ફાળવણી થયા બાદ નીચે મુજબનાં નીતિ–નિયમોનું પાલન કરવાનું રહેશે.

1. અરજદારોને નિયમ મુજબ યુનિટ/યુનિટોની ફાળવણી કર્યા બાદ પેમેન્ટની બાકીની રકમ વધુમાં વધુ ૩ માસની સમયમર્યાદામાં "ગુજરાત હીરા બુર્સ"નાં નામનાં ચેક ધ્વારા/ઓનલાઈન જમા કરાવવાની રહેશે.
2. યુનિટ પેટે સંપુર્ણ રકમ ગુજરાત હીરા બુર્સમાં જમા કરાવ્યેથી યુનિટનું લીઝડીડ કરી આપવામાં આવશે. જેની સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વિ. ખર્ચા યુનિટધારકે ચુકવવાનાં રહેશે.
3. યુનિટની ફાળવણી મેળવનાર તમામ યુનિટધારકોએ ગુજરાત હીરા બુર્સનાં સભ્યપદ પેટે વનટાઈમ રકમ રૂ. ૬૦૦૦ + ૧૮% જીએસટી લેખે સભ્ય ફીની રકમ "ગુજરાત હીરા બુર્સ"નાં નામનાં ચેક ધ્વારા/ઓનલાઈન જમા કરાવવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત હીરા બુર્સનાં હયાત પ્લોટધારકો કે જેઓ ગુજરાત હીરા બુર્સનું સભ્યપદ ધરાવે છે તેઓએ આ સભ્ય ફીની રકમ ફરી જમા કરાવવાની થતી નથી.
4. ગુજરાત હીરા બુર્સ ધ્વારા જે તે સમયે નિયત કરવામાં આવનાર મેઈન્ટેનન્સ ચાર્જ તમામ યુનિટધારકોએ સમયસર ચુકવવાનો રહેશે.

૫. અરજદારોએ યુનિટની કિંમત ઉપરાંત ગુજરાત હીરા બુર્સનાં નિયત નિયમ મુજબ પ્રતિ ચો.ફુટ રકમ રૂ. ૩૦/– લેખે ડીપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે.
૬. અનિવાર્ય સંજોગોમાં ઉપરોકત સમયમર્યાદામાં યુનિટનું પેમેન્ટ કરવામાં અસફળ રહેનાર અરજદારોનાં યુનિટની ફાળવણી રદ કરવામાં આવશે. અને અન્ય જરૂરિયાતમંદ અરજદારને જે તે યુનિટ/યુનિટોની ફાળવણી કરવામાં આવશે.
૭. સમયમર્યાદામાં યુનિટનું પેમેન્ટ કરવામાં અસફળ રહેનાર અરજદારોનાં યુનિટની ફાળવણી રદ કર્યા બાદ તેઓએ જમા કરેલ રકમ ગુજરાત હીરા બુર્સ–મેનેજમેન્ટનાં નિર્ણય મુજબ પરત કરવામાં આવશે.

ઉપરોકત જેમ એન્ડ જવેલરી પ્રોડકશન હાઉસનાં યુનિટોની નોંધણી માટે અમે ફરી આપ સૌને હદયપુર્વક આવકારીએ છીએ. પ્રોજેકટની વધુ માહિતી/સ્પષ્ટતા માટે ગુજરાત હીરા બુર્સનાં પ્રતિનિધી અલ્પાબેન ગાંધી (મો. નં. ૯૮૭૯૨ ૦૬૫૩૪) ને સંપર્ક કરવા વિનંતી છે.

આભાર.

(નાનુભાઈ વાનાણી)
સેક્રેટરી–ગુજરાત હીરા બુર્સ

બિડાણ:
૧. પ્રોજેકટનું બ્રોસર
૨. પ્રોજેકટ યુનિટનાં રેટનું પત્રક
૩. યુનિટ બુકીંગ માટેનું અરજીપત્રક